# અક્કલનો ઈસ્કોતરો

એક ગામ હતું.

ત્યાં એક ખાનસાહેબ રહેતા હતા. એ ગામના જમીનદાર હતા. જૂના ખાનદાનના માણસ હતા. પોતાને ખૂબ હોશિયાર માનતા. પોતાની અક્કલનું ભારે ગુમાન હતું એમને. એ હંમેશાં કહ્યા કરતા કે મને છેતરી શકે તેવું કોઈ નથી દુનિયામાં !

ખાનસાહેબના આ મિથ્યાભિમાનની વાત ગામ આખું જાણતું. બધા કહેતા કે હશે ભાઈ, ખાનસાહેબ હોશિયાર જ હશે. પણ ગામનો ચતુર વાળંદ એ વાત હસી કાઢતો. એ કહેતો કે ખાનસાહેબ ખાલી ખાલી ઠાંસ મારે છે. એક વાર મારી સામે આવી જાય. જો મને ચતુરાઈમાં હરાવી દે તો સમજુ કે એમને અક્કલ છે.

વાત વહેતી વહેતી ખાનસાહેબને કાને આવી. ખાનસાહેબના હજૂરિયાએ કહ્યું : ''ખાનસાહેબ ! આપણા ગામનો પેલો ચતુરો ભારે ફાટ્યો છે. કહે છે કે ખાનસાહેબમાં અક્કલ હોય તો મને હરાવી દે !''

ખાનસાહેબે ટૂંકડી દાઢી પસવારી. આંખો પહોળી કરી. પછી બોલ્યા : ''એમ ! એ ચતુરિયાને કહી દેજે કે એના જેવા સાત સાતને ભાત ભેળા ચાવી જાઉં એમ છું. એક દહાડો એનેય ભૂ પીતો ન કરું તો મારું નામ ખાનસાહેબ નહિ !''



આ વાત વળી વહેતી વહેતી ચતુર વાળંદને કાને આવી. એ પણ ચતુરાઈના દાવ ખેલવા તૈયાર થઈ ગયો.

અને એક દિવસ એ બેયનો ભેટો થઈ જ ગયો. ચતુર નજીકને ગામ કોઈકના લગનનું નોતરું દેવા ગયો હતો. ખાનસાહેબ પોતાની વાડીએ ગયા હતા. એમણે વાડીએથી પાછા વળતાં શું જોયું ?

ચતુરો વાળંદ એક ઝરણાને કાંઠે ઊભો છે, પણ ઊભો છે અજબ રીતે – એક પીપળાના ઝાડને ટેકો આપીને ઊભો છે ! પીપળો સહેજ નમી ગયેલો છે. અને ચતુરાએ જાણે એને ટકાવ્યો હોય એવું લાગે છે.

મિથ્યાભિમાની ખાનસાહેબ એની નજીક પહોંચ્યા અને બોલ્યા : ''અબે ચતુર ! તું તારી જાતને ભારે હોશિયાર માને છે ? મનેય હરાવી દેવાનાં બણગાં ફૂંકે છે તું તો !''

ચતુર બોલ્યો : ''વાત સાચી છે, ખાનસાહેબ ! જો આપણે ચતુરાઈની બાજી ખેલવાની આવે તો હું તમને જરૂર હરાવી દઉં.''

ખાનસાહેબ કહે : ''એમ કે ? તો આવી જા ! લડાવી લઈએ અક્કલ !''

ચતુરે જરાક ઢીલે અવાજે કહ્યું : ''અરેરે, હું જરૂર તમારી સાથે અક્કલ લડાવત, પણ મારો અક્કલનો ઇસ્કોતરો તો હું ઘેર મૂકી આવ્યો છું, અને અત્યારે મારાથી એ લવાય એમ નથી. જુઓ છો ને, આ પીપળાનું ઝાડ બિચારું મારે ટેકે ઊભું છે. જો હું ટેકો ખસેડી લઉં તો ઝાડ પડી જાય !''

ખાનસાહેબ કહે : ''મારે તો આજે જ તારી સાથે અક્કલનો ફેંસલો કરી લેવો છે. જા, ગામમાં જા અને તારો ઇસ્કોતરો લઈ આવ. એટલી ઘડી પીપળાને હું ટેકો આપું છું.''

ચતુર કહે : ''તમારે ભરોસે ઝાડ મૂકતાં મને બીક લાગે છે. તમે તો ગમે ત્યારે ટેકો ખસેડી લો અને બિચારું ઝાડ પડે હેઠું !''

ખાનસાહેબ ચિડાયા. એમણે રાડ પાડી : '' વાયડો થા મા. તું પાછો ન આવે ત્યાં લગી આ ઝાડને તસુય નમવા નહિ દઉં, બસ ? જા હવે, ગામમાં જા અને અક્કલનો ઇસ્કોતરો લઈને પાછો આવ !''

એટલે ચતુર વાળંદે તો પીપળો ખાનસાહેબને ભળાવ્યો. જતાં જતાં બોલ્યો : ''ખાનસાહેબ ! મને ઇસ્કોતરો શોધતાં જરાક વાર લાગે તો અકળાશો નહિ. બિચારા પીપળાને હેઠો નાખતા નહિ !''

આમ, ચતુર વાળંદ ગયો ગામમાં. ત્યાંથી એણે એક પછી એક લોકોને આ બાજુ મોકલવા માંડ્યા, પણ પોતે સાંજ સુધી ગયો નહિ.

પીપળા સામે તો મોટું ટોળું જામી ગયું. બધા ખાનસાહેબની હાંસી કરવા લાગ્યા. આખરે રાત પડયે ખાનસાહેબનો હજૂરિયો આવ્યો. એણે ખાનસાહેબને પીપળા નીચેથી ખસેડતાં કહ્યું : ''સાહેબ ! ઝાડ તો અહીં દસ વરસથી આમ નમીને જ ઊભું છે. પેલો ચતુર તમને ઉલ્લુ બનાવી ગયો !''

■